# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૧ • તા.૬ જાન્યુઆરી થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# નવા વર્ષના પ્રારંભે સંજીવની યોજનાના ૨ કેસો પલભરમાં પૈસા જમા થતા બંધ કરાયા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# પરિવારનો પાયો વડીલ

પરિવાર નાનો હોય કે મોટો હોય. પણ, પરિવારના સભ્યો નો તાલમેલ, એકબીજા પર વિશ્વાસ અને એકમેક પર સ્નેહ અગાધ હોવો જરૂરી છે. વિચારો ભલે એકમેકથી ભિન્ન હોય, મતભેદ પણ ભલે હોય પણ મનભેદ ન હોવા જોઈએ. પ્રેમ અને લાગણી, વડીલો પ્રત્યે અખૂટ આદર, તેમનો મરતબો જાળવવો એ પરિવારની એક એક ઈંટને જોડતી સાંકળ છે. જે પરિવારને કદી વિખરેવા નથી દેતી.

બહુધા એવું બનતું હોય છે કે યુવાન સભ્યો પોતાની ભૂલ વડીલોથી છુપાવે છે જેની ભૂલ હોય એને ડર હોય છે કે મોટાઓને ઘરમાં ખબર પડી જશે તો મોટી બબાલ થશે. તેમનો ઠપકો સહન કરવો પડશે. ભૂલ છતી થવાના ડરથી પરિવારના સૌની નારાજગી સહન કરવી પડશે નો ગભરાટ હોય. જ્યાં કંઈ ખોટું થયું હોય તેને લીધે પરિવારની નારાજગી ચોક્કસ હોય પણ એ નારાજગી ટૂંક સમયની હોય છે. આવી નારાજગી સંતાનને પોતાની જવાબદારી સમજાવવાની હોય છે. આ નારાજગીમાં બાળકને દુઃખ પહોંચાડવાની કે કોઈ ઈજા, જખમ કે તેનું અપમાન કરવાનો ઈરાદો નથી હોતો. એટલે બાળક નાનો હોય કે યુવા વયનો કે એથી મોટો. પરિવારથી સચ્ચાઈ છુપાવવામાં સમજદારી નથી. કારણ કે ઘણીવાર પોતાના સ્વજનોથી છુપાયેલ ભૂલથી વ્યક્તિ ઊંધે રસ્તે ચડી જાય છે. સારા માર્ગેથી અવળો વળી ખરાબ મારગે ભટકી જાય છે. ઘરની બહાર કોઈના સાંનિધ્યની કે પ્રેમને હૂંફની ભૂખને લીધે ગેરમાર્ગે સંગતે ચડી જાય છે. ખોટી આદતોની રવાડે વળી જાય છે. જે આખરે પતનની ખાણ સાબિત થાય છે. આવા સંતાનો સમજી લે કે પોતાના સ્વજન નિઃસ્વાર્થ ભાવે નારાજ થાય છે. તેમની નારાજગી પરપ્રીત બતાવતી વ્યક્તિઓ કરતાં હજાર ગણી પાવન હોય છે. ભૂલોમાંથી યોગ્યને સાચા માર્ગે દોરનારી હોય છે.

વડીલોના દરેક બોલ, દરેક વ્યવહાર સંતાનોના હિતકર માટે હોય છે. જ્યાં સાચો અને નિર્દોષ પ્રેમ હોય ત્યાં હકથી નારાજગી પણ દર્શાવાય છે. એનો એ મતલબ નથી કે દરેક દવા મીઠી શરબત જેવી હોય. પ્રેમનો મતલબ એ નથી કે દરેક વખતે મીઠા મધુર બોલ જ બોલાય. વડીલો સંતાનોના શ્રેય માટે તેને સુધારવા માટે વઢે છે. તો વહાલ પણ કરે છે. વડીલોની જવાબદારી દરેક સભ્યોને એક તાંતણે જોડી રાખવાની હોય છે. કોઈ નરમ સ્વભાવનો હોય, કોઈ ગરમ મિજાજના, કોઈ ગભરુ હોય, ડરપોક તો કોઈ, હિંમતવાન, કોઈ શાંત સ્વભાવનો હોય તો કોઈ ઉગ્ર મિજાજનો. દરેકનું મહત્વ, તેના મનોવલણને સમજી દરેકને જોડી રાખવાની કુનેહ ભરી જવાબદારી બજાવવાની હોય છે. આવી પ્રત્યેક પળોમાં તેમની કસોટી થાય છે. આમાં નાના મોટાનો સાથ, સહયોગ અને સબળ ટેકો મળે તો આખરે પરિવાર મજબૂતને સશક્ત થાય છે.

અગાઉના સંયુક્ત કુટુંબ વિખરાઈ વિભક્ત થઈ ગયા છે, થતાં જાય છે. સંયુક્ત કુટુંબનો ફાયદો એ થતો કે એમાં દરેક સ્વભાવના, દરેક પ્રકૃતિના સભ્યો નભી જતાં. વડીલોની મુત્સદ્દગીરી પરિવારને જોડી રાખવામાં મોટો ભાગ ભજવતી હતી. અગાઉ ભણતર ઓછું પણ ગણતર વધુ હતું જેને લીધે વડીલો દીર્ઘ વિઝન ધરાવતા હતા જેને લીધે પરિવાર અતૂટ, અખંડ અને દરેક રીતે ઉન્નત રહેતા હતા.

- જ્ઞાતિમૈયા

# જીવનમાં કામ અને આરામ બંન્ને જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


જીવનમાં પ્રવૃત્તિ અને નરી નિવૃત્તિ બંન્ને એક સરખા હાનિકારક છે. એ સત્ય પણ છે. સતત કામમાં ડૂબેલી વ્યક્તિ કામ સિવાય એક ક્ષણ પણ નિરાંતથી જીવી ન શકનારી સતત કામમાં એકરત, કામ એ જ જીવન છે. બીજુ કશું નહીં એવું માણનારી વ્યક્તિનું મગજ સંતુલન ખોરવી દે છે. સતત કામકાજ પછીએ નોકરી ધંધાનો સમાજસેવા જ્ઞાતિના કાર્યોનો હોય કે રાજકારણમાં રચી પચી રહેનારી વ્યક્તિ જે પોતાના પક્ષ કે પદના કામમાં મશગુલ રહેતી હોય છે. તેની બીજી બાજુનો ચિત્ર જોઈએ તો વિપરીત ચિત્ર જોવા મળે છે. આ ચિત્રમાં મિત્ર, પત્ની, સંતાનો અને નજીકથી સંકળાયેલા સગા સંબંધીજનો તેઓ પ્રત્યે નારાજ હોય છે. સતત કામને લીધે તેમના પ્રસંગમાં હાજરી પણ ન આપનાર અને પ્રસંગમાં આવે તોય નામ માત્ર સમય દરમ્યાન અને હાજરી આપે તોય મોબાઈલ કાને લાગેલો હોય. મન, મગજ અને મોંઢું વાતોમાં મશગુલ હોય પણ સૌ તરફ હસતા, હાથ મિલાવતા સૌનું અભિવાદન કરતાં અને સ્વીકારતા હોય છે.  સૌની સાથે ઘડીક વાર બેસવું સંગે જમવું, ચર્ચા વિચારણા કરવી, માર્ગદર્શન આપવું કે નિરાંતની પળો સંગે સંગે માણવી એ સૌનો છેદ આ ઊભડક વ્યવહાર ઉપસ્થિતથી ઉડી જાય છે.

નોકરી ધંધાનો બોજ ચોવીસ કલાક માથે લઈને ફરનાર, કામકાજના બહાને સતત ઘર બહાર રહેનાર વ્યક્તિ તેમજ જ્ઞાતિ સમાજ સંસ્થામાં બહોળી સેવા કરવાના ધખારામાં ઘરને ભૂલી જાય છે. તો રાજકારણમાં પડેલાઓની હાલત તો શિર નીચે અને પગ ઉપર રાખી ભવિષ્યના હિત લાભ માટે પ્રજાના પ્રશ્નો સાંભળવામાં, ઉકેલવા માટે મશગુલ હોય છે. શીર્ષ નેતૃત્વને રાજી રાખવા, પોતાની છાપ ઉજળી રહે એ માટે મોરચામાં સામેલ ગિરી વિરોધ પ્રદર્શન સ્થાનિક સતા તંત્રોના અધિકારીઓ સાથે મિટિંગ-ચર્ચાના દોરમાં સતત વ્યસ્તતામાં સંસારિક જીવનની ફરજ ને તેને લગતી બાબતોથી બેખબર કે બેદકારી રાખી જીવ્યા કરનાર પારિવારીક લાગણીથી જાણે દૂર હોય છે.

તન, મન ત્રસ્ત થઈ જાય એ રીતે સતત કામ ભલે લાગણીથી થતું હોય પણ જેટલું કામનું મહત્વ છે એથી વિશેષ તેમને માટે આરામનું પણ છે. ભાગદોડ ભરી ઘટમાળમાં પોતાનું અંગત જીવન જીવવાથી હળવાશ મળે છે. બહારના લોકોના સંગ સંસર્ગથી અનેક પ્રકારના વ્યસનના નાદ લાગે છે. એ જો લિમીટમાં હોય તો સહ્ય હોય છે પણ જ્યારે અતિની લિમીટ ઓળંગી જાય છે ત્યારે સર્વ પ્રકારે વિનિપાત કરે છે. અને કરેલ કમાણી, એટલે કે ઈજ્જત, આબરૂને શાખને કલંક લાગે છે.

યોગ, પ્રાણાયામ, ચાલવું, દોડવું, તરવું સાઈક્લિંગ, ઈન્ડોર-આઉટડોર રમતોની રોજિંદી આદત હળવા બનાવે છે તો પ્રાકૃતિક-ધાર્મિક સ્થળો કે વિદેશના પ્રવાસો જેમાં મિત્રો કે પરિવારજનો સામેલ હોય તો જીવવાનું બળ પ્રદાન કરે છે. રજાને રજા તરીકે માણતા શીખવું જોઈએ. તન સાથે મનની સ્વસ્થતા, હળવાશ, સ્થિતિ ફરી તાજગી બક્ષે છે. રાત દિવસ સતત ચાલતી મશીનરી ને સપ્તાહમાં તેલ, ઊંજણ કે મરમત માટે એક દિવસ બંધ રાખી આરામ અપાય છે. તેજ પ્રકારે ગળાડૂબ કામમાં, ડૂબેલાને હળવાશની પળો માણવાથી બમણી ઊર્જા પ્રાપ્ત થાય છે. એટલે જરૂર કરતાં વધુ પડતું કામમાં હોવું અને સતત આરામ કરવો એ બંન્ને માનસિક અવસ્થતા વધારી શકે છે. તનતોડ શ્રમ સાથે મનપૂર્વક વિશ્રામ-વિરામ કે આરામ પણ જરૂરી છે.

# નવા વર્ષના પ્રારંભે સંજીવની યોજનાના ૨ કેસ માટે રૂા.૧.૯૮ લાખ ગણતરીની મિનિટોમાં જમા થઈ જતાં કેસ બંધ કરાયા





ઈસવી સન વર્ષ ૨૦૨૪નો પ્રારંભ તા.૧ જાન્યુઆરી સોમવારથી થયો. નવા વર્ષના પ્રારંભે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની સહાય માટે કેસ નં.૧૨૪ તથા કેસ.ન.૧૨૫ની અરજી આવી હતી. જે ક્રાઉડ ફંડિગ માટે મૂકાતાની સાથે ગણતરીની મિનિટોમાં કેસ નં.૧૨૪ માટે રૂા.૭૭ હજાર અને કેસ નં.૧૨૪ માટે રૂા.૧.૨૧ની રકમ એકત્ર થઈ જતાં આ બંન્ને કેસ મેડિકલ સમિતિએ ક્રાઉડ ફંડિગમાંથી પરત લઈ લીધા હતા.

કેસ નં.૧૨૪ની વિગતમાં વારાપધ્ધર-હુબલીના ૬૦ વર્ષીય અશોક લોડાયા જટિલ પેરફિરલ ફિસ્ટુલાથી પીડિત છે. જેનો ઈલાજ સર્જરી છે. આ રોગની સારવાર ઓપરેશન માટે રૂા.૭૭ હજારનો અંદાજ ડોક્ટરો તરફથી અપાયેલ. પરિવારમાં તેમની સિવાય કોઈ કમાઉ સભ્ય નથી અને પરિવારની કોઈ મોટી બચત નથી કે નથી વીમાનો સંરક્ષણ કવચ. જીવન વ્યવહાર સુખરૂપથી આગળ વધે એ માટે સ્વસ્થ અને રોગ મુક્ત શરીર હોવું જરૂરી છે. તેમની ઉપર સમગ્ર પરિવારની જવાબદારી છે. આવી કપરી પસ્થિતિમાં તેમણે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે રૂા.૭૭ હજારના રકમની મદદ માટે ગુહાર લગાવી આધાર માટે જરૂરી ડોક્યુમેન્ટ, ડોક્ટરોની ભલામણ અને સારવાર ખર્ચ માટેના કાગળ પત્રો સાથે જોડયા.

આજ પ્રકારે કેસ નં.૧૨૫ની વિગત મુજબ જખૌ ડોંબિવલીના ૫૦ વર્ષીય શ્રીમતી મનીષા અનિલ ધરમશી સ્ત્રીગત રોગની તકલીફથી ગ્રસિત થયા. યુટેરસમાં ફાઈબ્રોઈડની તકલીફને કારણે ભારે રક્તસ્ત્રાવ સાથે તીવ્ર પેટના દુ:ખાવાની પીડા હતી.

# નવા વર્ષના પ્રારંભે સંજીવની યોજનાના ૨ કેસ માટે રૂા.૧.૯૮ લાખ ગણતરીની મિનિટોમાં જમા થઈ જતાં કેસ બંધ કરાયા




જેના ઈલાજ માટે સર્જરી તથા હિસ્ટરેકટમીની આવશ્યકતાની જરૂરી હતી.

તેમના પતિ કચ્છમાં જ્ઞાતિ મહાજનના મહેતાજી તરીકે કામ કરે છે. જેનાથી નજીવી કમાણી થાય છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ વીમો, મનીષાબેન ધરમશીને સારવાર-ઈલાજ માટે રૂા.૧.૨૧ લાખની અંદાજ ડોક્ટરો દ્વારા અપાયો. પરિવારના આધારરૂપ સભ્ય જ જો બીમાર હોય તો સમગ્ર વ્યવહાર જ ખોરવાઈ જાય. સાધારણ પરિવારએ આવી પડેલ આકસ્મિક તકલીફમાં રામબાણ રાહત આપતી સંજીવની યોજનાની અરજી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ મૂકી.

જણાવતા હર્ષ થાય છે કે નવા વર્ષના પ્રારંભે જ્ઞાતિદાતાઓના ઉદારદિલ સહયોગથી ઉપરોક્ત બંન્ને પરિવારની સંજીવની અરજીઓ ક્રાઉડ ફંડિગ માટે મૂકાતાની સાથે જ ગણત્રીના મિનિટોમાં કુલ્લ રકમ રૂા.૧.૯૮ જમા થઈ જતાં સદર બંન્ને કેસ પાછા ખેંચાયા છે. વર્ષ ૨૦૨૪ની શુકનવંત શરૂઆતે જ આજ સુધી ૧૨૫ કેસ સુખરૂપથી પૂર્ણ થયાં છે. જે માટે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સૌ પદાધિકારીઓ અને મેડિકલ સમિતિના સૌ પદાધિકારીઓ જ્ઞાતિદાતા, મહાજનો, એકમો, મંડળો અને હિતચિંતકો, શુભચ્છકોની અઢળક અનુમોદના કરે છે.

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

www.arihantbank.com @ ArihantBank

# આદિપુર સંઘના વિશ્વ વાત્સલ્ય રત્નદેવશ્રી આદિનાથ જિનાલયનો ૩૧મો ધ્વજા મહોત્સવ રંગે ચંગે ઉજવાયો







પૂર્વ કચ્છ વિભાગના વિકસતા નગર આદિપુરના શ્રી અચલગચ્છ જૈન સંઘના આંગણે વિશ્વ વત્સલ રત્નદેવશ્રી આદિનાથ જિનાલયની એકત્રીસમી વર્ષગાંઠ અવસરે તા.૧૭ ડિસેમ્બર રવિવારના ધ્વજા મહોત્સવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન સંયમકલક્ષી પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સમકિતગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ની શુભ મંગલકારી નિશ્રા અને ચતુર્વિધ સંઘના સાંનિધ્યમાં રંગે ચંગે અને ધર્મ ભાવ સાથે થયો.







# આદિપુર સંઘના વિશ્વ વાત્સલ્ય રત્નદેવશ્રી આદિનાથ જિનાલયનો ૩૧મો ધ્વજા મહોત્સવ રંગે ચંગે ઉજવાયો





રવિવાર, તા.૧૭ ડિસેમ્બરના માગસર સુદ ૬ના શુભ દિને સતર ભેદ પૂજા તથા ધ્વજારોહણનો કાર્યક્રમ ઉત્સાહભેર સાથે થયો. ધ્વજારોહણના લાભાર્થી તથા સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી ચંદનબેન ડુંગરશી ચુરલા પરિવાર હસ્તે અ.સૌ. હર્ષાબેન હરીશભાઈ ચુરલા તથા આરતી મંગળ દીવાનો લાભ શ્રી નવીનચંદ્ર ચાંપશી શાહ પરિવાર અને શાંતિ કળશ નો લાભ વિશાલ પદમશી લાલકા પરિવારે લીધેલ છે. સતરભેદ પૂજાના વિધિકાર રાજાભાઈ નંદુ તથા સંગીતકાર નીશાબેન સંઘવી હતા. આ કાર્યક્રમમાં સકલ સંઘ ઉત્સાહ ઉમંગથી લાભ લીધેલ.









# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના ટર્મ ૨૦૨૪ થી ૨૦૨૭ના કાર્યકાળ માટે ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો ચૂંટાયા

મુંબઈ મેટ્રોરિજનના ઉપનગર ડોંબિવલીના શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીની નવી ટર્મ તા.૧ એપ્રિલ ૨૦૨૪થી તા.૩૧ માર્ચ ૨૦૨૭ કાર્યકાળ માટે ટ્રસ્ટ મંડળ તથા વ્યસ્થાપક સમિતિ માટે ચૂંટણીમાં આઠ ટ્રસ્ટીઓ અને ૨૧ વ્યવસ્થાપક સમિતિ સભ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા છે.

ભાઈલાલ કુવરજી કાનજી ગાલા-દેવપુર, ચંદ્રકાંત પોપટલાલ વલ્લભજી પાસડ-દેઢીઆ, હિતેન કલ્યાણજી હિરજી ગડા-નાના રતાડીયા, નાનજી હરશી લધા ગડા-ભોજાય, નિતીન હેમરાજ ગણશી મોતા-દેવપર-ગઢ, પદમશી લાલજી વેલજી લોડાયા-વરાડીયા, રમેશ હેમરાજ ખીંયશી વિકમાણી-ગઢસીસા, સંજીવ (સંજય) મોરારજી ખીમજી વીર-દેવપુર.

અરવિંદ ઉમરશી ચાંપશી ગંગર-ગોધરા, દેવેન્દ્ર આણંદજી વેલજી ગડા-ખારુઆ, ધર્મેન અરવિંદ શામજી ગડા-સાભરાઈ, ધીરજલાલ રતનશી વીરજી ગડા-રાયધણજર, ગીરીશ વીરજી રામજી ગાલા-લાયજા, હરેશ ખીમજી કુંવરજી મોમાયા-ઉનડોઠ, હરેશ લાલજી મુરજી ગાલા-ઉનડોઠ, હેમરાજ મેગજી ધારશી દેઢિયા (શાહ)-કોટડા રોહા, જનક કુંવરજી મુરજી ગાલા-મોટી ઉનડોઠ, કિર્તી દેવજી વિશનજી છેડા-ગોધરા, કુલીનકાંત પદમશી પૂંજાભાઈ પીર (જૈન) લોડાયા-સુથરી, માર્ટિન મનોજ ચંદ્રકાન્ત પાસડ-દેઢિઆ, મિથુન રાયચંદ દેવશી જીવાણી-જખૌ, મુલચંદ નરશી ઉકેડા લોડાયા-રાપર ગઢવારી, નિખિલ મોતીલાલ મોહનલાલ દેઢિયા-ગઢસીસા, નિતીન કાંતિલાલ ગોવિંદજી નાગડા-જખૌ, નિતીન નાનજી આસુ સાવલા-નવાવાસ, રમણીક મેઘજી લધા ગડા-લાયજા મોટા, સાગર દિનેશ વીરજી ખીમસરીયા-મોટી ઉનડોઠ, સોમીલ દિનેશ વીરજી ખીમસરીયા-મોટી ઉનડોઠ, વિસનજી ખેરાજ ગોસર નિશર-દેવપુર.

મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નીતિન રાયચંદ સાયલા, સહાયક ચૂંટણી રતિલાલ શામજી મોમાયા અને દિપેશ મણિલાલ સાવલા અને ચૂંટણી પંચના સભ્યો તરીકે સંજય હરખચંદ દેઢિયા, મુકેશ ભવાનજી લોડાયા, અમર હીરજી ગડા, નવીન વિશનજી મૈશેરી તથા ભાવેશ તલકશી છેડાએ ફરજ બજાવી હતી.

ચૂંટાઈ આવેલા સૌ ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યોને હાર્દિક અભિનંદન સાથે નવા પદાધિકારીઓ સંપ, સંગઠન સાથે સંઘ અને શાસનના હિત માટે સારા કાર્યો ઉત્તરોત્તર કરતાં રહે એ શુભેચ્છા.




# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ

## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ




તીર્થાધિપતિની અમીદૃષ્ટિ હેઠળ, જખૌ રત્ન આ.ભ. કવીન્દ્રસાગરસુરીશ્વરજી મ.સા., મુનિરાજ કલ્પતરૂ મ.સા., પ.પૂ. સા. મહોદયશ્રીજી મ.સા., તેમજ વિશાળ સમુદાયમા સાધ્વી ભગવંતો, વિધિકાર શાસન ગૌરવ શ્રી નરેન્દ્રભાઈ નંદુ, ભાઈ શ્રી મેઘ નંદુ, શ્રાવક, શ્રાવિકાઓ એમ ચર્તુવિધ સંઘની બહોળી હાજરીમાં શ્રી જખૌ રત્નટુંક તીર્થનો શતકોત્તર અમૃત મહોત્સવ ખુબજ આનંદથી, જીવનનું એક યાદગાર સંભારણું બની રહે એવી રીતે ઉજવાયો.

**જખૌવાસી જ્ઞાતિજનો, નિયાણીઓ અને પરિવારજનો, દાતા અને લાભાર્થી પરિવારો, મહાજન અને ટ્રસ્ટના પૂર્વ તથા વર્તમાન અધિકારીઓ અને સભ્યો, ટીમ મેમ્બરો, કાર્યકર્તાઓ, સ્ટાફના સભ્યો, સર્વિસ પ્રોવાઈડરો, જખૌના બધા સમાજના ગ્રામવાસીઓ આપ સહુની ખોબલે ખોબલે અનુમોદના અને આભાર.**

જખૌ જેવા નાના સેંટરમાં એટલો મોટો ઉત્સવ ઉજવવો એ એક મોટો પડકાર હતો. દાતાઓ અને લાભાર્થીઓનો દિલ ખોલીને આર્થિક સહકાર, માર્ગદર્શક, કન્વીનર, પૂર્વ તથા વર્તમાન અધિકારીઓ, ટીમ મેમ્બરો, સ્થાનિકે તેમજ બહારગામથી આવેલ કાર્યકર્તાઓના અથાગ મેહનત, અને સહુથી વધુ તો આપ બધાની હાજરી અને સાથ સહકારથી જાજરમાન બની સરસ રીતે પાર પડયું.

**બધાએ સાધુ ભગવંતો, યાત્રિકો, આમંત્રીતો બધાની સગવડ બરાબર સચવાય એવા પ્રયત્નો કરેલ પણ કોઈ કચાશ રહી હોય, કાંઈ અગવડ પડી હોય તો ક્ષમા ચાહિયે છીએ. જખૌ પ્રત્યેનો આપનો પ્રેમ અને સદ્ભાવ જાળવી રાખજો.**

**શ્રી જખૌ રત્નટુંક તીર્થ શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ વતી અધિકારી તથા સભ્યો**

# દિશા જિતેશ ધરમશી સમલિત ટીમ કૌન બનેગા ચાણક્યની પ્રથમ નંબરે વિજેતા થઈ

આઈટીએન બિઝનેસ મેનેજમેન્ટ કોલેજ નવી મુંબઈમાં એમ.બી.એ. માર્કેટિંગનો અભ્યાસ કરતી એલવીએલ કન્યા છાત્રાલય ઘાટકોપરની વિદ્યાર્થીની દિશા જિતેશ ધરમશી પુસદ-સુથરી અને તેની ટીમ VEDAEE ટીવી યોજિત ક્વીઝ સ્પર્ધા KBC કૌન બનેગા ચાણક્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે આવી ગોલ્ડ મેડલ જીતયો હતો. સ્પર્ધામાં બે સભ્યોની ૧૪ ટીમ હિસ્સો લીધો હતો. સ્પર્ધામાં જનરલ નોલેજ અને વર્તમાન બાબતો વિષેના પ્રશ્નો દરેક ટીમને કરાયા હતા. ક્વીઝ સ્પર્ધામાં બુધ્ધિ ચાર્તુય અને સામાન્ય જ્ઞાન વિષેનો ઉત્કૃષ્ટ દેખાવ કરી ગોલ્ડ મેડલ સાથે સર્ટિફિકેટ ઓફ એચિવમેન્ટ મેળવનાર દિશા ધરમશીને હાર્દિક અભિનંદન.





# પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયાની રાષ્ટ્રીય હિન્દુ સંગઠનના વીરાંગના પ્રકોષ્ઠના પ્રમુખપદે વરણી થઈ

સાંયરા-ડોંબિવલીના સૌ.પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયાની રાષ્ટ્રીય હિંદુ સંગઠનના વીરાંગના પ્રકોષ્ઠના મહારાષ્ટ્ર રાજ્ય પ્રદેશના પ્રમુખપદે વરણી કરાઈ છે.

તેઓની નિમણુંક પ્રયાગ રાજ-ઉત્તર પ્રદેશમાં કેન્દ્રીય કાર્યાલય ધરાવતા રાષ્ટ્રીય હિન્દુ સંગઠનની રાષ્ટ્રીય પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ સત્યેન્દ્ર દુબે તથા રાષ્ટ્રીય પરિષદના મુખ્ય સંરક્ષક ઈન્દ્રકુમાર ચતુર્વેદી દ્વારા કરાઈ છે. આ નિમણુંક બદલ પ્રિયાબેન મોમાયાને હાર્દિક અભિનંદન.

# કલ્પવૃક્ષ યોજનાના ધારકો માટે મહત્વની સૂચના

કાર્યકારી સમિતિની ભલામણો અને વૃક્ષધારકો-માલિકોની વિનંતીઓની અનુસાર કિફંડ ફોર્મ સબિમિટ કરવાની આખરી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધી લંબાવી છે.

આની જાણ તમારા ગ્રુપ તથા સંપર્ક ધરાવતા સૌ વૃક્ષધારકોને આ સંદેશો પહોંચાડશો જેથી આનો લાભ તેઓ પણ સૌ લઈ શકે.

# પરજાઉ ગામે સ્નેહમિલન-ધ્વજા મહોત્સવનું આગોતરૂ આમંત્રણ

શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ દ્વારા આ વર્ષે ગુરૂવાર તા.૧૬ મે થી સોમવાર તા.૨૦ મે દરમ્યાન શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયની ૧૭૦મી વર્ષગાંઠ તથા શ્રી શીતલનાથ દેવકલિકાની ૮મી વર્ષગાંઠ પ્રસંગ ધ્વજા મહોત્સવના સુવર્ણ અવસરે અને સ્નેહમિલનમાં પધારવા પરજાઉ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવાનું આગોતરૂં આમંત્રણ છે. સ્થાનિકે સંપૂર્ણ વ્યવસ્થા મહાજન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. જે માટે આપના આગમનની જાણ કરવા વિનંતી.

આ પ્રસંગે નૂતન પ્રવેશદ્વાર, નૂતન કાર્યાલય, મંગલગૃહ અને નૂતન કેસર-સુખડ ગૃહનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

મહોત્સવમાં હાજરી આપવા માટે મુંબઈથી પ્રયાણ તા.૧૫મે બુધવારના સયાજી નગરી એક્સપ્રેસ દ્વારા તથા તા.૧૯મે રવિવારના સયાજી નગરી એક્સપ્રેસ દ્વારા ભુજથી મુંબઈ આવવા પરત પ્રયાણ. વધુ માહિતી માટે કન્વીનર શ્રી કમલેશભાઈ દંડ-૯૯૨૦૯૮૯૦૯૯નો સંપર્ક કરવો.

# દંતાણી તીર્થે બિરાજમાન થનારી શ્રી સુમતિનાથ પ્રભુની પ્રતિમા ઉપર વર્ધમાન શક્રસ્તવ અભિષેક કરાયા







તા.૬ જાન્યુઆરી શનિવારના રોજે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી અમિત પ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શ્રી દંતાણી તીર્થે બિરાજમાન થનારી શ્રી સુમતિનાથ પ્રભુજીની પ્રતિમા ઉપર વર્ધમાન શક્રસ્તવ અભિષેક ધર્મભાવ સાથે કરાયા.

# અબડાસા તાલુકાના વિવિધ પશ્નો અને નલિયા ગામે સરકારી કોલેજ મંજૂર કરવાની રજૂઆત ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરાઈ





અબડાસા તાલુકાના વિકાસ કામોની રજૂઆત સાથે તાલુકાના વિવિધ પ્રશ્નો અને નલિયા ગામે સરકારી કોલેજની મંજૂરી માટે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કાયદા અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, પ્રવાસન મંત્રી મુરુભાઈ બેરા, કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને રૂબરૂ મળી અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, ભાજપના મહામંત્રીઓ જયદીપસિંહ જાડેજા, અરવિંદ શાહ, જિલ્લા પંચાયત સદસ્ય પુરૂષોત્તમ મારવાડા, જિલ્લા ભાજપ યુવા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, અબડાસા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન જય દેવસિંહજી જાડેજા, પરેશભાઈ ભાનુશાલી, જયપ્રકાશ ગોર, રિતેશ ગોર સાથે અન્ય સમાજોના અગ્રણીઓએ રૂબરૂ મુલાકાત લઈ ભારપૂર્વક રજૂઆત કરી હતી.


# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ હુબલીમાં શ્રીગૌતમ સ્વામિ પૂજનની ધર્મ આરાધનાઓ થઈ





કર્ણાટક રાજ્યના હુબલી નગરમાં શ્રી ક.દ.ઓ.જૈન સમાજ હુબલી સંઘમાં શ્રી મુનિસુવ્રત દાદાના સાંનિષ્ઠમાં યુવા વિધિકાર ડૉ.હર્ષદભાઈ દેઢિયાના સંગીતમય સથવારે શ્રી ગૌતમસ્વામિ પૂજન વિવિધ ધર્મ આરાધનાઓ સાથે અદ્ભૂત ધર્મ ભાવ સાથે કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહી ધર્મ લાભ લીધો હતો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ધીરેશભાઈ મુનવર**
તા.૧ જાન્યુઆરી (ઉ.૫૭)
જખૌ–ભાંડુપ



**કાંતાબાઈ મુનવર**
તા.૧ જાન્યુઆરી (ઉ.૯૨)
જખૌ–હુબલી



**રમેશભાઈ લોડાયા**
તા.૨ જાન્યુઆરી (ઉ.૬૫)
બાંઢિયા–ડોંબિવલી



**મહેન્દ્રભાઈ ખોના**
તા.૨ જાન્યુઆરી (ઉ.૭૯)
જખૌ–મુંબઈ



**ગુણવંતીબેન મોમાયા**
તા.૩ જાન્યુઆરી (ઉ.૯૩)
નલિયા–મુલુંડ



**વનિતાબેન નાગડા**
તા.૬ જાન્યુઆરી (ઉ.૭૮)
નલિયા–અહમદાબાદ



**રિનાબેન લોડાયા**
તા.૬ જાન્યુઆરી (ઉ.૬૧)
તેરા–મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સરસંઘ સંચાલક મોહન ભાગવત ભુજોડી ખાતે આવેલા આશાપુરા ફાઉન્ડેશન સંચાલિત હીરાલક્ષ્મી ક્રાફ્ટ પાર્ક તેમજ તેના પરિસરમાં આઝાદીના મંદિર એવા વંદે માતરમ મેમોરિયલની મુલાકાત લઈ પ્રભાવિત થયાં હતાં. આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન ચેતનભાઈ શાહએ તેમનું તિરંગા સાફા તથા તિરંગા સ્ટોલથી સન્માન કર્યું હતું. પરિસરમાં આવેલ યેલ્લો ફોર્ટમાં દેશ માટે શહીદી વહોરનારા શૌર્ય ક્ષેત્રે પરમવીર એવોર્ડ મેળવનાર માભોમની રક્ષા કરતા ૨૧ વીરને સમર્પિત છે એ પરમવીર ગેલેરીનું સરસંઘ સંચાલકના હસ્તે અનાવરણ કરી લોક દર્શન માટે ખુલ્લું મૂકાયું હતું.

● ૧૯૬૮થી કચ્છના છેવાડાના તીર્થક્ષેત્ર નારાયણ સરોવર મધે અન્નક્ષેત્ર ભોજનાલયની શરૂઆત કરાઈ. અત્રે આવતા યાત્રાળુઓને અન્નદાન-ભોજન ભાવથી પીરસાય છે. ૭૦ રૂમ અને ૪ મોટા હોલ છે. બાંધકામ જૂનું થતાં તેનું મરમત અંદાજિત રૂા.ચાર કરોડના ખર્ચે કરાશે. ગૌશાળામાં ૯૯૫ ગૌવંશની સેવા થાય છે. ટ્રસ્ટના ૭૨ એકર જમીનમાં જુવારનું વાવેતર કરી પાંજરાપોળ સ્વ નિર્ભર બની છે. સાથે શાકભાજીનું વાવેતર થતાં આ શાકભાજી અન્નક્ષેત્રમાં કામ આવે છે. હાલે વાવાઝોડામાં ઓધવ ઉપવનમાં ૨૫ ઝાડ પડી ગયા તથા પતરાના શેડને ઘણું નુકસાન થયું. રોજે રોજ ૪00 યાત્રાળુ પ્રસાદ લે છે. અને અચાનક ૨૦૦ યાત્રાળુઓ આવી જાય તો પણ વ્યવસ્થા કરાય છે. વાવાઝોડા સમયે અન્નક્ષેત્ર-ભોજનાલય ઉત્તમ શેલ્ટર હોલ બન્યું હતું. અસરગ્રસ્તોને વેંચવા ફૂડ પેકેટ તૈયાર કરાયા હતા. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ અવારનવાર આવે છે ત્યારે ધાર્મિક સ્થળમાં યાત્રાળુઓ માટે બનેલો ભોજન પ્રસાદ કેમ લેવો? તેથી ટ્રસ્ટીઓ પણ ભોજન પ્રસાદ લીધા પછી દાન લખાવે છે આવી ઉત્તમ પરંપરા છે.

● વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબટ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે એમઓયુની શ્રેણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં બાલક્રીષ્ના ઈન્ડસ્ટ્રીઝ લી. દ્વારા કચ્છ જિલ્લામાં ભુજ તાલુકામાં ઉદ્યોગના વિસ્તરણ એકમો સ્થાપવા રૂા.3000 કરોડના રોકાણના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા. આ નવા વિસ્તારીત પ્લાન્ટને કારણે ૩૪00થી વધુ લોકોને રોજગારની વિપુલ તકો પ્રાપ્ત થશે. ઉદ્યોગ ગૃહના એકમો સંભવત ૨૦૨૫માં ઉત્પાદન શરૂ કરશે.

● આગામી ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીના રણોત્સવ માટે પધારતા પ્રવાસીઓને આવકારવા બન્નીપંથકમાં આવેલ રિસોર્ટ હોમસ્ટેમાં છેલ્લાં ત્રણ માસથી સજાવટ કરાઈ રહી છે અને નવા રૂપરંગ સાથે પ્રવાસીઓ માટે સજ્જ કરવામાં આવી રહ્યાં છે. અંદાજિત ૪૦ થી ૫૦ હોમસ્ટેમાં તડામાર તૈયારીઓ શરૂ છે. હોડકામાં આવેલ રિસોર્ટમાં દર વર્ષે ૧૦ ભૂંગાના રિનોવેશન પાછળ લગભગ ચારથી પાંચ લાખ રકમ ખર્ચાઈ જતી હોય છે. રોકાણ કરતાં પ્રવાસીઓને કચ્છી વ્યંજનો જેવા કે બાજરીના રોટલા, રીંગણાનો ઓળો, ઘી, ગોળ અને કચ્છની જાણીતી વાનગીઓ સાથે પ્રવાસીઓને સ્વાદિષ્ટ થાળી પીરસાય છે. દરરોજ રાત્રે હોમ સ્ટેમાં દરરોજ રાત્રે સિંધી, કચ્છી કાફી, લોકગીતોનું આયોજન કરાય છે. જેમાં પર્ફોમન્સ કરવા આવતા કલાકારોને દૈનિક રૂા.૩ થી ૪ હજારનું ચૂકવણું કરવામાં આવે છે.

● અબડાસા તાલુકાના કોઠારા ગામના બસ સ્ટેશન ઉપર ચાની કીટલી, હોટલ ચલાવી પોતાના ઘરનું ગુજરાન ચલાવતા માણેકરામ ગઢવીના પરિવારમાં સાત દીકરીઓ અને એક દીકરો છે. એમના દીકરાએ નાનપણથી જ ડોક્ટર બનવાનું સપનું જોયું હતું. પરિવારે પણ પુત્રની આ ઈચ્છાને સાકાર કરવા પાછી પાની ન કરી અને પુત્ર રતન ગઢવીએ પોતાના સપનાને સાર્થક કરી ડોક્ટરની ડીગ્રી મેળવી છે. છેલ્લાં ૪૭ વર્ષથી ચાની કીટલી ચલાવતાં પિતાએ પણ પુત્રની સિધ્ધિ માટે ગર્વ અનુભવતા કહ્યું હતું કે અમારા કુટુંબીજનો પણ જરૂરિયાતના સમયે અમારી પડખે ઊભા રહી અમને આર્થિક રીતે મદદરૂપ બન્યા અને મનોબળ આપયું હતું.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**